ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૧૧-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદી મેજિકનો લિટમસ ટેસ્ટ

જમ્મુ અને કાશ્મીર તથા ઝારખંડની વિધાનસભાની ચૂંટણીનું મતદાન થશે ત્યારે રાજકીય સમીક્ષકો અને જયોતિષીઓ પોતપોતાની રીતના આંકડા મૂકી આ બે વિશિષ્ટ રાજયોમાં મોદીનો જાદુ કેટલો ચાલશે એની આગાહી કરતા હશે. હકીકતમાં લોકસભાની ચૂંટણીઓ પહેલાં જ મોદીએ દેશમાં અનેક સફળ જનસભાઓ યોજી લોકોને ઘેલું લગાડ્યું હતું. ફક્ત ભીડ ઉપરથી જ પરિણામની આગાહી કરવામાં ખાસ્સું જોખમ રહે છે, પરંતુ મોદીની સભામાં હાજર રહેલ મતદારો જે ઉત્સાહથી એમની સાથે સીધા સંવાદમાં જોતરાઇ એમની એકેએક વાત પર તાળીઓનો વરસાદ વરસાવતા હતા અને સમસ્ત વાતાવરણ વખત પૂરતું મોદીમય બની જતું હતું તે પરથી એટલું તો જરૂર લાગતું હતું કે લોકો પરિવર્તન ઝંખતા હતા અને મોદીમાં એમને એક તારણહાર દેખાતો હતો. એ વખતે ટીકાકારો ભીડને પ્રાયોજિત ગણાવી નજરઅંદાજ કરવાનો પ્રયાસ કરતા હતા પરંતુ આપણે પરિણામ જોયું છે. મોદીના જાદુને ધરાર નકારનારા કોંગ્રેસ અને સમાજવાદી કે બસપા જેવા પક્ષોનાં સૂપડાં સાફ થઇ ગયાં હતા અને ખુદ મોદીએ પણ ન ધારી હોય એટલી બેઠકો ભાજપની ઝોળીમાં ઠલવાઇ ગઇ હતી. આ જ જાદુ હરિયાણા અને મહારાષ્ટ્ર જેવાં રાજયોમાં ચાલ્યો તે પણ આપણે જોયું છે. હરિયાણા અને મહારાષ્ટ્રમાં ભાજપ એકલા હાથે ચૂંટણી લડીને સત્તા સ્થાને પહોંચી શક્યો છે. જમ્મુ અને કાશ્મીર તથા ઝારખંડમાં આ મોદી મેજિક કારગત નીવડશે ખરું? મોદી વગરના ભાજપના કોઇ નેતાનું ગજું નહોતું કે તે જમ્મુ-કાશ્મીરમાં 'મિશન-૪૪' નો સંકલ્પ કરી શકે. કુલ ૮૭ બેઠકોની આ હિમાલયની ગોદમાં આવેલ પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા રાજયની વિધાનસભામાં અત્યાર સુધી બે પરિવારો વારાફરતી રાજ કરતા રહ્યા છે. અબ્દુલ્લા પરિવાર અને મુફ્તી પરિવારની જાગીર બની ગયેલ રાજયમાં અલગતાવાદી તત્ત્વોનું જોર પણ એટલું નોંધપાત્ર છે કે મતદારની ટકાવારી ખૂબ નીચી રહે છે. પાકિસ્તાન છાશવારે કાશ્મીર રાગ આલાપતું રહે છે. પંડિત નહેરુના જમાનાથી કાશ્મીરનો વિવાદ યુવાઇટેડ નેશન્સ પાસે પડેલો છે, જે ઉકેલવા માટે કોઇ સાર્થક પ્રયાસ થયેલ નથી. આવા વિવાદ વચ્ચે મુસ્લિમ બહુમતી ધરાવતા જમ્મુ અને કાશ્મીરમાં ભાજપનો ઝંડો ફરકાવવાનો મોદીનો સંકલ્પ યુટોપિયા જેવો લાગે, છતાં લદ્દાખ અને જમ્મુ વિસ્તાર ઉપરાંત ખીણમાં પણ કેટલાક શુભેચ્છકો ઊભા કરનાર મોદી આ મુદ્દે ઓછા આશાવાદી નથી. એમણે જમ્મુ-કાશ્મીરને બે પરિવારની અને બાપ-બેટા-બેટીની નાગચૂડમાંથી મુક્ત કરાવવા હાકલ કરેલ છે. કચ્છની જેમ પોતે કાશ્મીરનો પણ વિકાસ કરી બતાવશે, એવું બાપના બોલથી વચન આપી આવ્યા છે. સત્તા પર આવ્યા પછી એ વારંવાર કાશ્મીરની મુલાકાત લેતા રહ્યા છે અને જળપ્રલય વખતે સીધી એક હજાર કરોડની સહાય જાહેર કરીને એમણે પ્રજાને તેમજ રાજકારણીઓને મીઠો આંચકો આપ્યો હતો. વળી કલમ ૩૭૦ એમના ચૂંટણી ઢંઢેરામાં નથી, એટલે પોતે કાશ્મીરી પ્રજાની ઇચ્છાને વશ વર્તે છે, એવું દર્શાવવાનો પ્રયાસ પણ કરાયો છે. ત્યાં પણ બાપ-બેટાની સરકારવાળો જ મુદ્દો ખપ લાગ્યો છે. શિબુ સોરેન અને હેમંત સોરેનને એમને ભ્રષ્ટાચારના ભોરિંગ ગણાવી ઝારખંડને એમની નાગચૂડમાંથી છોડાવવા આકાશપાતાળ એક કરી મૂક્યું છે. દસ દિવસની વિદેશયાત્રાએથી પરત આવીને મોદી તાબડતોબ ઝારખંડ અને જમ્મુ-કાસ્મીરમાં સભાઓ ગજવતા થઇ ગયા, તે જ શું આશ્ચર્ય નથી? પાર્ટીને પણ ખાતરી છે કે આ બે રાજયોમાં જો પરિણામ મળશે તો એ માત્ર અને માત્ર મોદી મેજિકની જ ફલશ્રુતિ હશે. ચૂંટણી પૂર્વેનાં સર્વેક્ષણો ભાજપને સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી આવતો દર્શાવે છે તે જ શું સૂચક નથી? કોંગ્રેસ અને પ્રાદેશિક પાર્ટીઓ માટે મોદીના વિજય રથને અટકાવવાનું કામ ઘણું કપરું બની રહ્યું છે અને હજી મોદીએ કોઇ એવી ભૂલ નથી કરી જેને લીધે પ્રજા પર છવાયેલી ભુરકી ભૂંસાઇ જાય. જો આ પ્રાદેશિક પાર્ટીઓના વર્ચસ્વવાળાં મુસ્લિમ બહુલ અને આદિવાસી બહુલ એવાં બે રાજયોમાં ભાજપ સત્તા મેળવવામાં સફળ થશે તો તે મોદીની પ્રતિષ્ઠાનું મોરપિચ્છ બની રહેશે.

# ગુજરાતના અવગણના પામેલા પુરાતત્વીય સ્મારકોનું અનોખું સંકલન : ઈગ્નોર્ડ હેરીટેજ

## શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ડી.પી. સોનીના આનોખા પુસ્તકનું લોકાર્પણ



ગાંધીનગર, તા.૨૪

ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષ પુરાણી છે. જો કે આપણી આ ભવ્ય અને સુસંસ્કૃત સંસ્કૃતિ વિશે જાણવાનો આપણને રસ ન હોવાથી મોટા ભાગની હેરીટેજ સાઈટસના હાલ બેહાલ છે. પુરાતત્વ ખાતુ તેની જાળવણી કરવામાં રસ દાખવતું ન હોવાથી હજારો વર્ષ પુરાણા ઘણા સ્મારકો, મહેલો અને ઈમારતો નાશ પામ્યા છે અથવા પામી રહ્યા છે. ગુજરાતમાં આવેલી આવી કેટલીક હેરીટેજ સાઈટસને વાંચકો અને રસ ધરાવનારાઓ નજીકથી જાણી શકે અને તેનો સાચો ઈતિહાસ અને તેનું મહત્વ જાણી શકે તે માટે નિવૃત્ત બેંક કર્મી શ્રી ડી.પી. સોનીએ 'ઈગ્નોર્ડ હેરીટેજ' નામે સુંદર પુસ્તક લખ્યું છે.જેનું વિમોચન શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે થયું છે. પુસ્તકમાં સમાવિષ્ટ ગુજરાતની ૧૭ જેટલી પુરાતત્વીય સાઈટસની ઢગલાબંધ તસ્વીર લેખક શ્રી ડીપી સોનીએ જાતે ખેંચી પુસ્તકને આકર્ષક બનાવ્યું છે.

ભારતમાં હજ્જારો વર્ષ અગાઉ સુસંસ્કૃત પ્રજાનો વસવાટ હતો તેવા સંખ્યાબંધ પુરાવાં પ્રાપ્ત થયા છે. સિંધુ સંસ્કૃતિના પુરાવા છેક સિંધુ નદીથી લઈને ગંગાના મેદાનો સુધી ઠેરઠેર પ્રાપ્ત થયા છે. ગુજરાતમાં લોથલ, રંગપુરક ધોળાવીરા જેવા સ્થળોએ પુરાણી સંસ્કૃતિના પુરાવા મળી આવે છે. આ ઉપરાંત સોલંકી કાળમાં બંધાયેલા ઘણા સ્થાપત્યો ગુજરાતને ગૌરવ અપાવી રહ્યા છે.ચાંપાનેર અને રાણ કી વાવ જેવી હેરીટેજ સાઈટસનો સમાવેશ તો વર્લ્ડ હેરીટેજ સાઈટસમાં કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ઘણી બધી હેરીટેજ સાઈટસ આવેલી હોવા છતાં આપણે એ કબુલવું જ રહ્યું કે આપણને આપણા સાંસ્કૃતિક વારસાનું ગૌરવ નથી, હરવા ફરવા જવું હોય તો આપણે રેસ્ટોરન્ટ, રીસોર્ટ કે બાગબગીચાઓમાં જવાનું પસંદ કરીએ છીએ. આપણે આપણા બાળકોને આ પુરાતત્ત્વીય ઈમારતો અને તેનો ઈતિહાસ સમજાવવામાં રસ દાખવતા નથી. શિક્ષણવિદોને પણ જાણે તેમાં રસ ન હોય તેમ ગુજરાતની ખુબ ઓછી કે ગણીગાંઠી હેરીટેજ સાઈટસની વિગતો પાઠયપુસ્તકોમાં જોવા મળે છે. 'ઈગ્નોર્ડ હેરીટેજ' પુસ્તકના લેખક શ્રી ડી.પી. સોનીએ રાણ કી વાવ, અડાલજની વાવ, મોઢેરા સૂર્યમંદિર, સહસ્ત્રલીંગ તળાવ, ડભોઈનો મહેલ, ઝીંઝુવાડાનો મહેલ જેવી ૧૭ હેરીટેજ સાઈટસની જાત મુલાકાત લઈ તેની જાળવણીથી લઈને સાચા ઈતિહાસની જાણકારી મેળવી ૩૧૮ પાનાનું દળદાર પુસ્તક સુંદર તસવીરો અને રસપ્રદ વિગતો સાથે તૈયાર કર્યું છે. જે રસ ધરાવનારાઓ માટે સારું સંદર્ભ પુસ્તક બની રહેશે.

## હરિની દૃષ્ટિ...




સાહેબને સફેદ દાઢી છે અને અમેરીકાવાળાએ વીઝા રીજેક્ટ કર્યા... તો હવે પોતાની જાતને મોદી સમજે છે...!!

# એસ.જી. પ્રાથમિક શાળામાં કલા-કૃતિ પ્રદર્શન યોજાયુ

## કલાકૃતિ પ્રદર્શન મેળાને ચેરમેન વલ્લભભાઈ પટેલે ખુલ્લુ મુક્યું

ગાંધીનગર, તા. ૨૪

શાળા એ શિક્ષણ જ્ઞાન અને અવનવી પ્રવૃત્તિઓનું ઝરણું છે. જેમાં બાળકો પોતાની કલા શક્તિને ખિલવી જીવન શિક્ષણ પ્રાપ્ત કરે છે. જેનું તાદશ્ય ઉદાહરણ એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી શાળામાં જોવા મળ્યું.

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં ૨૧ અને ૨૨ મી નવેમ્બર-૨૦૧૪ ના રોજ બાળકો દ્વારા તૈયાર કરાયેલ વિશિષ્ટ કલાકૃતિ પ્રદર્શન અને મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ધો. ૫ થી ૮ ના દરેક વિદ્યાર્થી જોડાયા હતા. સમગ્ર કલાકૃતિ પ્રદર્શન મેળામાં કડી સર્વ વિદ્યાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ તેમજ કેમ્પસ ડાયરેક્ટર શ્રી સોમભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રદર્શનને નિહાળ્યું હતું તથા બાળકોની કલા શક્તિને બિરદાવી હતી.

કલાકૃતિ પ્રદર્શન મેળામાં બાળકો દ્વારા તૈયાર કરેલી વિવિધ કલાત્મક વસ્તુઓ મુકવામાં આવી હતી. બાળકોએ પેપર વર્કમાં પેન સ્ટેન્ડ, પેપર બેગ, એનિમલ્સ, ફલાવર્સ, હાઉસ, કાર્ડ, તોરન, કાઈટ વગેરે તૈયાર કર્યા હતા. એમ્બ્રોડરી વર્કમાં બાળકોએ વોલપીસ, ટેબલ કલોથ, ડ્રેસ મટીરીયલ્સ પર એમ્બ્રોડરી કરી હતી. વુલન વર્ક, સૂતળી વર્ક, ગ્લાસ પેઈન્ટીંગ્સ, દીયા ડેકોરેશન, વેસ્ટમાંથી બેસ્ટ, પથ્થર પર ડેકોરેશન વગેરે પ્રદર્શનમાં મુકવામાં આવ્યું હતું. બાળકોએ વેસ્ટમાંથી બેસ્ટ, લાકડા પર વર્ક, દીયા ડેકોરેશન, સૂતળી કામ, વુલક વર્ક વગેરે ખૂબ જ ઝીણવટપૂર્વક કરી પોતાની કલાનું પ્રદર્શન કર્યુ હતુ. ખાસ તો રંગોળી અને ગ્લાસ પેઈન્ટીંગ્સ સૌનું ધ્યાન દોરતુ હતુ. રંગોળીમાં રંગોવાળી, ફૂલોવાળી, લાકડાના વરખની, માટીની અને શંખ-છીપલાની તથા ધાનની રંગોળી બનાવાઈ હતી. શ્રીનાથજીની રંગોળી ખૂબ જ આકર્ષક રહી હતી. એમાંય 'જો બકા... કચરો તો કચરા પેટીમાં જ નાખવો' એ સૂત્ર પણ રંગોળી સાથે મુકવામાં આવ્યું હતુ. બાળકોની આ કલાકૃતિઓને વાલીઓએ પણ રસપર્વક નિહાળી હતી.

### અમૃતપર્વ નિમિત્તે પુસ્તક વિમોચન કરાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના જાણીતા નિરંજનભાઈ ઓઝાના અમૃત પર્વ નિમિત્તે 'વિખરાયેલા મોતી' પુસ્તકનું વિમોચન કરવામાં આવશે. ગાંધીનગર સમાચારમાં સમયાંતરે પ્રસિધ્ધ પામેલા લઘુલેખોનો સંગ્રહ એટલે 'વિખરાયેલા મોતી'. આ પ્રસંગે અધ્યક્ષ તરીકે કૃષ્ણકાંત જહા તંત્રી ગાંધીનગર સમાચાર, અતિથિ વિશેષ તરીકે લવજીભાઈ વાડીઆ, પ્રમુખ શહેર જાગૃત નાગરિક પરિષદ, ભાનુપ્રસાદ પુરાણી, પ્રમુખ સિસિકા જયંતભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેશે. તા. ૭ ડીસેમ્બરના રોજ સવારે ૧૦-૦૦ વાગે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ઓડિટોરીયમમાં પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાશે.

### સિવિલ સર્વિસીસ સ્વિમીંગ ટુર્નામેન્ટ યોજાશે

સે-૨૧ સ્થિત સચિવાલય જીમખાના ખાતે આજે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વસીસ સ્વિમીંગ ટુર્નામેન્ટ ૧૪-૧૫ યોજાશે. બપોરે ૪ વાગે કાર્યક્રમનો શુભારંભ થશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડી.જે. પાંડીયન, ચીફ સેક્રેટરી ગુજરાત સરકાર અને કે. શ્રીનિવાસ, આઈ.એ.એસ. ઉપસ્થિત રહેશે.

### ચતુર્થ પાટોત્સવ યોજાશે

સેકટર-૩૦ ઝુલેલાલ સાંઈબાબા મંદિર સ્થિત ઝુલેશ્વર મહાદેવની સ્થાપનાને તા. ૨૬ નવેમ્બરના રોજ ચાર વર્ષ પુરા થતા હોઈ સવારે ૯ થી ૫ દરમિયાન વિષ્ણુયાગ યોજવામાં આવશે. સર્વે ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા સિંધી પંચાયતે જણાવ્યું છે.

### ઝવેરભાઈ ચાવડાએ ગુણોત્સવમાં સુપરવિઝન કર્યુ

ગાંધીનગર, તા. ૨૪

પ્રાથમિક શાળાઓના શિક્ષણમાં સુધારો લાવવા રાજ્ય સરકાર દ્વારા ત્રિદિવસીય ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અનુસૂચિત જાતિ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડા ગુણોત્સવ કાર્યક્રમમાં જોડાયા હતા. તેમણે અમદાવાદ શહેરની જહાંગીરપુરા શાળા નં. ૧ ગુજરાતી માધ્યમ, પ્રિતમપુરાની ગુજરાતી માધ્યમની શાળા નં. ૨, મેઘાણીનગર શાળા નં. ૨, હિન્દી માધ્યમની શાળાઓમાં હાજર રહી મુલ્યાંકન કર્યુ હતું. શાળાઓમાં વાંચન-લેખન સહિતની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે કે નહિ તેનું સુપરવિઝન કર્યું હતું.

### જિલ્લા પ્રશાસન વિકલાંગો માટે કેમ્પ યોજશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પ્રશાસન દ્વારા અપંગ વ્યક્તિઓની તપાસણી કાર્યક્રમ જિલ્લાના તાલુકાઓમાં યોજવામાં આવશે. જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીની દેખરેખ હેઠળ વિકલાંગોને પડતી સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવશે.

ત્યારે બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ વાગ્યા દરમિયાન તા. ૨૮ નવેમ્બરના રોજ માણસા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે, તા. ૧૨ ડિસેમ્બરના રોજ દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને તા. ૨૬ ડિસેમ્બરના રોજ નારદીપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેમ્પ યોજાશે. જેમાં અપંગ વ્યક્તિઓની તપાસણી કરી પ્રમાણપત્ર આપવામાં આવશે. વિકલાંગોએ અસલ રેશનકાર્ડ, તાજેતરનો પાસપોર્ટ કલર ફોટોગ્રાફ અને જન્મનું પ્રમાણપત્ર લઈ ઉપરોક્ત સ્થળે ઉપસ્થિત રહેવું.

### જાયન્ટસ ગૃપનું વાર્ષિક અધિવેશન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૪

જાયન્ટ્સ ગૃપ ઓફ કુકરવાડાનું વાર્ષિક અધિવેશન-૨૦૧૪ પેથાપુર-રાંધેજા રોડ પર આવેલ મોદી સંકુલમાં યોજાયું હતું. અધિવેશનમાં મહેસાણા, કુકરવાડા અને વિજાપુરના જાયન્ટસ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. અધિવેશન દરમિયાન રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૫ મહિલા સહિત ૬૦ વ્યક્તિઓએ રક્તદાન કર્યું હતું. કાર્યક્રમમાં રાજયના મંત્રી નીતિનભાઈ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, બ્રાહ્મણ પાર્લામેન્ટના નેશનલ સેક્રેટરી અશ્વિન ત્રિવેદી, જાયન્ટસ ફેડરેશનના પ્રમુખ દ્રુપદ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

### જુસિકાએ ચક્ષુદાન લીધુ

ગાંધીનગર, તા. ૨૪

જુનિયર સિટીજન કાઉન્સિલ દ્વારા શહેરના સેક્ટર-૩-સીમાં રહેતા લોહાણા અમૃતલાલ લાલજીભાઈ સચ્ચદેના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. અમૃતભાઈનું ૭૮ વર્ષે અવસાન થતા તેમના પુત્ર કેતનભાઈની મંજુરીથી દાન લેવામાં આવ્યું છે. આ સેવામાં ડૉ. કૃણાલ પટેલ, જુસિકાના કાર્યકર દિલીપ દંતાણી, અશોક સોમાણી જોડાયા હતા.

# જીટીયુ સલગ્ન કોલેજોમાં આજથી જુદી જુદી પરીક્ષા

અમદાવાદ, તા.૨૪

દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ હવે બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થયું છે ત્યારે આવતીકાલથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ડિગ્રી, ડિપ્લોમા અને પીજીની વિવિધ બ્રાંચોમાં જુદા જુદા સેમેસ્ટરની પરીક્ષાઓનો પ્રારંભ કરવામાં આવશે. આવતીકાલથી શરૂ થતી જીટીયુની આ પરીક્ષા વિવિધ તબક્કાઓમાં ૧૦ જાન્યુઆરીથી સુધી ચાલશે જેમાં રેગ્યુલર અને પ્રેક્ટીકલથી માંડી રીમીડીયલ પરીક્ષામાં અંદાજે પાંચ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા સલગ્ન તમામ ઈજનેરી, ફાર્મસી અને એમબીએ કોલેજોના વિવિધ સેમેસ્ટર પરીક્ષાઓનો આવતીકાલથી પ્રારંભ કરવામાં આવશે. ચાલુ વર્ષે ગત વર્ષની તુલનામાં જીટીયુ દ્વારા પરીક્ષા થોડી મોડી લેવામાં આવી રહી છે. આવતીકાલથી શરૂ થનારી પરીક્ષામાં સૌપ્રથમ બેચરલ ઓફ એન્જિનિયરિંગના સાતમાં સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવશે ત્યારબાદ તબક્કાવાર વિવિધ સેમેસ્ટરોની પરીક્ષા શરૂ થશે. જે દોઢ મહિનો એટલે કે ૧૦મી જાન્યુઆરી સુધી ચાલશે. તેમાં ખાસ કરીને યુજી અને પીજીમાં મોટાભાગની બ્રાંચોમાં પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા ૨૩મી ડિસેમ્બરથી શરૂ થશે. આ વિવિધ બ્રાંચની અને વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓમાં ડિપ્લોમા સેમેસ્ટર-૧, ૩ અને ૫, ડિગ્રી ઈજનેરી અને ફાર્મસીના સેમેસ્ટર-૧, ૩, ૫ અને ૭, પીજીમાં એમઈ અને એમફાર્મ તેમજ એમબીએ, એમસીએમાં સેમેસ્ટર ૧ અને ૩ની પરીક્ષા લેવામાં આવશે. ૧૦મી જાન્યુઆરી સુધી ચાલનારી આ વિવિધ પરીક્ષાઓમાં ડિગ્રી, ડિપ્લોમા અને પીજીમાં એટીકેટી, રેગ્યુલર અને પ્રેક્ટિકલ પરીક્ષામાં મળી કુલ અંદાજે પાંચ લાખથી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. જીટીયુ દ્વારા સંલગ્ન કોલેજોમાં ચાલતા બીઈ, બી. ફાર્મ, એમ.ઈ., એમ ફાર્મ, એમબીએ, એમસીએ, એમસીએ ઈન્ટીગ્રેડેટ, ડિપ્લોમા ઈજનેરી, આર્કિટેકચર, હોટલ મેનેજમેન્ટ, એમટીએમ અને એમપીએમ સહિતના વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષા લેવાશે.

# વિચાર અને વર્તનની નવી માન્યતાઓ વ્યક્તિ પર થોપી બેસાડવી, એ શિક્ષણનો ઉદ્દેશ નથી, શિક્ષણનું કાર્ય છે વ્યક્તિને પ્રજ્ઞા અને સત્યનો માર્ગ ચીંધવો

## વિચારસભા
### સાંપ્રત સમયનું શિક્ષણ
- નેહલ જયદીપ ગઢવી

આપણે જયારે દુનિયાભરનો પ્રવાસ કરીએ અને દેશ-વિદેશના સ્થળોની મુલાકાતો લઈએ ત્યારે આપણી જાણમાં આવે કે ભારત, યુ.એસ.એ., ઓસ્ટ્રેલિયા કે અન્ય કોઈ પણ સ્થળે, મનુષ્યનો સ્વભાવ અંશતઃ એકસરખો જ જોવા મળે છે. તેમાંય શિક્ષણજગત એટલે કે પાઠશાળાઓ અને યુનિવર્સિટીઓ માટે આ હકીકત વધુ લાગુ પડે છે. પોતાની જાતની આગળ કંઈ જ ન વિચારીને ઓછામાં ઓછી મહેનતે અને ઝડપથી સુખી થઈ જવામાં જેને મુખ્ય રસ હોય, એ પ્રકારના એકસરખા યંત્રવત્ માનવીઓનો એક સમૂહ આપણે ઉત્પન્ન કરી રહ્યા છીએ. સ્વતંત્ર વિચારશક્તિનો જયાં અવકાશ જ નથી એવી ભયાનક શિક્ષણ પદ્ધતિ રોબોટ જેવા સંવેદનહીન મનુષ્યોનું સર્જન કરે છે. ઉમાશંકર જોષી લખે છે કે, ''કેળવણી એ મારે મન ધર્મનો ઘરઘથ્થું પર્યાય છે.'' એટલે કે કેળવણી દ્વારા બાળકમાં રહેલા સર્જક તત્ત્વને સક્રિય બનાવવું એ દરેક શૈક્ષણિક સંકુલ માટે મુળ મુદ્દાની બાબત હોવી જોઈએ. શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીની અભિરૂચી જાણી તેને પોષવાના સતત પ્રયાસો દ્વારા એક સંવેદનશીલ અને સર્જનાત્મક સમાજની રચના થઈ શકશે. આજના યુગમાં બાળકોમાં કમ થ્રોટ કમ્પીટીશનનો સમય આવી ગયો છે. આપણે સૌએ એટલે કે મા-બાપ અને સમાજે આવા અવ્યવહારુ બોજ હેઠળ બાળકનું નિર્દોષ હાસ્ય તથા તેના અંગત રૂચિ અનુસારના સ્વપ્નોનો છેદ ન ઉડાડવો જોઈએ. મહાન તત્વચિંતક ચર્ચિલે આ બાબતે સમાજને ચેતવણી આપતાં લખ્યું છે કે, ''હવેની આવતી પેઢી પાસે એમની કલ્પનામાં પણ ન હોય, એટલી ભૌતિક સુવિધાઓ અને સમૃદ્ધિઓ હશે પણ એની કિંમત માટે એમને પોતાના મનની શાંતિ ગીરો મુકી હશે!'' અને આ પ્રકારની પરિસ્થિતિ ન સર્જાય એ માટે જરૂર છે એવી શાળાઓના નિર્માણની કે જયાં આત્મિયતા અને વાત્સલ્યના ભાવો શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેના ચહેરા પર સ્પષ્ટપણે છલકાતા જોઈ શકાયા.

બાળકના શિક્ષણની શરૂઆત થાય છે તેની માતાથી! માટે જ, માતાને બાળકના 'વગર અભ્યાસક્રમ'ની પાઠશાળાની પ્રથમ ગુરુ માનવામાં આવે છે. વિનોબાજીના તેમની સાથે માતાના આવા સંસ્મરણોનો ઉલ્લેખ ભદ્રાયુભાઈ વચ્છરાજાનીની કંઈ આ રીતે કરે છે, ''માના જીવન શિક્ષણનાં ઉદાહરણો (૧) એમનાં ઘરમાં ફણસનું એક ઝાડ. ફણસ મોટું મસ્સ ફળ. ઘણી બધી પેશી એમાં હોય બાળકોને બહુ ભાવે. દિવસો ઘણે. ઝાડ પરથી જેવું ફળ ઉતરે કે તરત બાળકો માને વીંટળાઈ વળે. બાળકોનાં મોંમાં પેશી જાય તે પહેલાં મા બબ્બે પેશી વાડકીમાં મૂકી વિનીયાને (વિનોબાજી) અને દત્તને આપે ને કહે, ''બેટા પડોશમાં દઈ આવા ફણસ આપણા ઘરમાં ઊગ્યું પણ તેનો પડછાયો તો ત્યાંય પડેલો ને?'' પછી બાળકોને પેશી પીરસતા મા સાદી ભાષામાં સમજાવે કે, 'જુઓ બેટા, તમને રાક્ષસ થવું તો ન ગમે ને? દેવ થવું સૌને ગમે. જે પોતાની પાસે રાખી મૂકે તે રાક્ષસ અને બીજાને દે તે 'દેવ' વીનિયો એટલે કે વિનોબાજી કહેતા : 'બીજાને આપવાનો આનંદ, ખવડાવીને ખાવાના આ સંસ્કાર મને મારી મા પાસેથી મળ્યા. ભૂદાનનું મૂળ પણ આમાં જ છે. તે જ રીતે જમતાં પહેલાં રોજ તેમની માતા પૂછે : 'વિન્યા, તુલસીને પાણી પાયું? ગાયને રોટલી આપી?' અને આ પ્રશ્નો દ્વારા જ તેઓ સમજ્યા 'ત્યેન ત્યક્તેન ભૂંજીયા' તે જ રીતે વિનોબાજીના પિતા દિવાળીના સમયે બાળકો માટે મીઠાઈની સાથોસાથ રામાયણ અને ભાગવત જેવા પુસ્તકોની ભેટ પણ આપતા કે જેના કારણે તેઓ જીવનભર પુસ્તકોના ચાહક રહ્યા. મોટા થયા બાદ પણ તેમને સુંદર પુસ્તકોથી વધુ સારી કોઈ મીઠાઈ લાગતી નહીં. એટલે જ કહેવાયું છે કે બાળકના સુંદર જીવન માટે માતાએ જ તેની ઉત્તમોત્તમ શિક્ષણ બનવું અનિવાર્ય છે.''

આજના યુગમાં સંવેદનશીલતાને જાળવી રાખવા માટે પ્રેમરૂપી સદ્ગુણને પ્રાધાન્ય આપવું અતિ આવશ્યક છે. પ્રેમ વગરના બીજા બધા સદ્ગુણઓ અપૂર્ણ છે. ખરેખર, પોતાના દૈનિક જીવનમાં પ્રેમનું આ તત્ત્વ જેને પ્રબળ જણાતું ન હોય તેવા કોઈએ શિક્ષક થવું ન જોઈએ અને સમાજે પણ એવી વ્યક્તિને શિક્ષક તરીકે સ્વીકારવી નહિ જોઈએ. એક નાનું બાળક સ્વભાવગત જ સુખી અને આનંદી હોય છે. એનો આ આનંદ જો ઘરમાં અને શાળામાં પ્રગટે અને વિકસે તો એ સુખી અને આનંદી સમાજનું નિર્માણ કરી શકે. એક શિક્ષકમાં વાત્સલ્ય, અનુકંપા અને નમ્રતા હોવી અનિવાર્ય છે. જયારે શિક્ષક પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રની સેવામાં અર્પણ કરશે ત્યારે એ પણ વિશ્વના એક મહાન અને દૈવી શિક્ષણ-સંચાલન મંડળના અંગરૂપ બની શકશે. મહાન શિક્ષણશાસ્ત્રી શ્રી જે. કૃષ્ણમૂર્તિ લખે છે, ''ઘણાને એમ લાગે છે કે અમુક જાતના તોફાની વિદ્યાર્થીઓ આવી મમતાથી કે પ્રેમથી કદી સુધરી શકે નહિ. પરંતુ, આવા વિદ્યાર્થી પ્રત્યે વધુ ધીરજ રાખવી, એની ઉપર સતત પ્રેમ વરસાવવામાં આવે તો ધીમે ધીમે એ જરૂર સુધરશે.'' આજની જડ અને પ્રેમ વિહોણી શિક્ષણ પ્રણાલીને કારણે વિદ્યાર્થી સાંજે જયારે ઘરે આવે છે ત્યારે એ નિરાશ અને શ્રમિત જણાય છે. શિક્ષણની આજની પરિસ્થિતિ જોઈ કવિશ્રી સુરેશ દલાલ કાવ્ય દ્વારા પોતાની વેદના ઠાલવતા કહે છે :

''ભરેલા માણસ આટલા બધા અભણ કેમ?
સરસ્વતીના આટલા બધા કાદવથી ખરડાયેલા ચરણ કેમ!
લોકોના આટલી હદે થીજી ગયેલા ઝરણ કેમ!
કોઈ તો કહો કે આ બળબળતું રણ કેમ!''

આજે આપણને પક્ષીની જેમ આકાશમાં ઉડતા તેમજ માછલીની માફક પાણીમાં તરતા શીખવવામાં આવે છે પણ, માણસની માફક આ પૃથ્વી પર કેમ રહેવું એ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું નથી પરંતુ, જો આપણે સૌ ધીરજપૂર્વક પ્રેમથી આ પ્રણાલીને બદલીએ તો આ જ વિદ્યાર્થી જયારે ભવિષ્યમાં પિતા બને ત્યારે એ પોતાના પુત્ર પ્રત્યે માલિકીભાવ નહિ રાખે; પણ બાળકના સ્વાતંત્ર્ય વ્યક્તિત્વને પ્રગટવા અને પાંગરવા દેશે.

યોગ્ય પ્રકારના શિક્ષણને વ્યક્તિ સ્વાતંત્ર્ય સાથે સંબંધ છે. દરેક વ્યક્તિ અન્ય સાથે સહકાર જાળવીને આ સ્વતંત્રતા મેળવે એ પણ અતિઆવશ્યક છે. વિચાર અને વર્તનની નવી માન્યતાઓ વ્યક્તિ પર થોપી બેસાડવી, એ શિક્ષણનો ઉદેશ નથી. શિક્ષણનું કાર્ય છે વ્યક્તિને પ્રજ્ઞા અને સત્યનો માર્ગ ચીંધવો, માત્ર માહિતી આપવાથી આ કાર્ય સંપૂર્ણ થઈ શકે નહીં. આજના આ યુગમાં પરિશ્રમને સ્થાને ચાલાકી કે સ્માર્ટનેશને વધુ મહત્ત્વ અપાય છે. જરૂર હોય તેટલું જ વાંચવુ, યાદ રાખવું અને પરીક્ષામાં લખી પણ નાખવું એ જ એકમાત્ર ઉદ્દેશ હોય છે. પરંતુ, આ પ્રકારની શૈક્ષણિક મનોવૃત્તિ રાષ્ટ્રીય રોગ ગણી શકાય. સાંપ્રત સમયનું શિક્ષણ માટ યાદ કરવાનું શીખવે છે, વિચારવાનું નહિ, પરિણામે, જયારે જીવનની કપરી પરિસ્થિતિનો સામનો કરવાનું બને ત્યારે વ્યક્તિ હતાશ બની હાર માની લે છે. શિક્ષણના ઉચ્ચ આદર્શોને આંબવામાં જો આપણે સફળ ન થઈ શક્યા હોઈએ તો તેના કારણો અનેક હોઈ શકે. પરંતુ, પ્રત્યેક પરિસ્થિતિમાં અન્યને દોષારોપણ કરવાને બદલે જો આત્મનિરિક્ષણ કરવામાં આવે અને પોતપોતાની ખામીનું નિવારણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો પરિસ્થિતિ સુંદર અને તંદુરસ્ત બનાવી શકાય. આપણે એ સ્પષ્ટપણે જોઈ શકીશું કે સાચું શિક્ષણ મનને પૂર્ણપણે મુક્ત કરે છે.

''ચાલો સાથે મળી ભગવાનના વારસ બની જઈએ.
શરત બસ એટલી છે સૌ પ્રથમ માણસ બની જઈએ.
હવે બસ એક રસ્તો છે તમાશા દૂર કરવાનો
બધાયે વેશ ખંખેરી ફરી બાળક બની જઈએ.''